# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-03-2025 Day: Saturday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ-વર્ષોથી સચવાયેલી કળા જીવંત રાખવા નવી પેઢીએ જોડાવા પર ભાર

કચ્છ કળા અને કારીગરી માટે જગ વિખ્યાત છે, ત્યારે કચ્છની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કચ્છની પરંપરાગત કલા અને કસબ સાથે જોડાયેલા કારીગરો સાથે ધોરડો ખાતે સંવાદ સાધ્યો હતો. આ મુલાકાત દરમિયાન તેમણે કચ્છી રોગાન આર્ટ, મડ વર્ક, ભરત કામ અને વણાટ કામ સહિતની કારીગરીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું અને કચ્છી કારીગરી સાથેની હસ્તકળાની વસ્તુઓના વિવિધ સ્ટોલ્સની મુલાકાત કરી હતી.

આ મુલાકાત દરમિયાન કલાના કસબીઓ સાથે તલસ્પર્શી ચર્ચા કરી રાષ્ટ્રપતિશ્રી કચ્છના પરંપરાગત કળાઓથી પ્રભાવિત થયા હતા. તેમણે કારીગરો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, "વર્ષોથી સચવાયેલી આ પરંપરાગત કળા જીવંત રાખવા માટે આવનારી પેઢીએ પણ આ કળા શીખીને તેમાં જોડાવવું જરૂરી છે.

રાષ્ટ્રપતિએ કચ્છી રોગાન આર્ટ સાથે આઠ પેઢીથી જોડાયેલા કારીગર એવા પદ્મશ્રી અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા અબ્દુલગફુર ખત્રીએ તેમને રોગાન આર્ટના ઈતિહાસ સહિતની માહિતી આપી હતી. કચ્છી માટીથી બનતા મડ વર્ક વિશે માજીખાન મુતવાએ રાષ્ટ્રપતિને વિગતે વાત કરી આ કલાની વિશેષતાઓ વર્ણવી હતી. રબારી ભરતકામના કસબી પાબીબેન રબારીએ ભરત કામથી બનાવેલ પર્સ અને અજરખ પ્રિન્ટ ડાયરી સ્મૃતિ ચિહ્ન સ્વરૂપે ભેટ આપી હતી. કચ્છી વણાટકળા સાથે સંકળાયેલા રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા અરજણ વણકરે કચ્છી વણાટ કામ વિશે જાણકારી આપી હતી.

કચ્છી હસ્તકળાનાં વિવિધ સ્ટોલની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિએ કચ્છી બાંધણી, મેટલ અને કોપર વર્ક, તલવાર અને સુડી ચપ્પા, અજરખ વગેરે વિશે જાણકારી મેળવી હતી. કારીગરોએ પોતાનો સ્નેહ વ્યક્ત કરતા રાષ્ટ્રપતિને અજરખ સ્ટોલ, મડ વર્ક ફ્રેમ સહિતની હસ્તકળાની વસ્તુઓ ભેટ આપી હતી.

પરેશ મારુ સાથે અશરફ નથવાણી, ધોરડો- કચ્છ **(બાઇટ)**

**---------------------------------------------------------------------------------------------**

## રાષ્ટ્રપતિએ રણમાં કેમલ સફારી કરી સૂર્યાસ્ત્ માણ્યો

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ધોરડો ખાતે સફેદ રણમાં કેમલ સફારીની સવારી કરીને સૂર્યાસ્તનો આહલાદક નજારો નિહાળ્યો હતો. તેમણે સફેદ રણની રમણીય સાંજને માણતા કેવી રીતે ધોરડો ગામે દુનિયાના "બેસ્ટ ટુરિઝમ વિલેજ"નો ખિતાબ હાંસલ કર્યો તેના વિશે વિસ્તૃત જાણકારી મેળવી હતી.

કચ્છના રણની મુલાકાત દરમિયાન ધોરડો ગામના સરપંચ મિયાં હુસેને આ સ્થળ કેવી રીતે વિશ્વ પ્રવાસન સ્થળ તરીકે ઉભરી આવ્યું તેના વિશે રાષ્ટ્રપતિશ્રીને અવગત કરાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આજે સફેદ રણ અને રણોત્સવના કારણે વિશ્વભરના પર્યટકો અહીં આવે છે. રણ વિસ્તારના તબક્કાવાર વિકાસ, ધોરડો ગામના પ્રવાસનના કેન્દ્ર બનવા સાથે સ્થાનિક લોકોને રોજગારી ઉપલબ્ધ થઈ તે જાણીને દ્રૌપદી મુર્મુજીએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી. આ ઉપરાંત  ધોરડો સફેદ રણની મુલાકાતે આવેલા પ્રવાસીઓનું અભિવાદન ઝીલીને ધોરડોના વિકાસ માટેના પ્રયાસોને બિરદાવ્યા હતા.

**---------------------------------------------------------------------------------------------**

## રાષ્ટ્રપતિ-રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ વિશ્વવિખ્યાત એવા ધોરડોના સફેદ રણ ખાતે ભાતીગળ સંસ્કૃતિની રજૂઆત કરતો રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળ્યો હતો.  કચ્છ સહિત વિવિધ

પ્રાંતના લોક સંગીત, સાહિત્ય અને સંસ્કૃતિને ઉજાગર કરતો ત્રિવેણી સંગમ સમો કાર્યક્રમ નિહાળી પ્રભાવિત થયા હતા.

પ્રારંભે 'કચ્છડે જો હર ધામ' ગીતથી કલાકારોએ કચ્છના વિવિધ યાત્રાધામોને વંદન કરાવ્યા હતાં. કચ્છની ઓળખ એવા 'ગજીયો' લોકગીતની પ્રસ્તુતિ નિહાળી તેમણે રાજીપો વ્યક્ત કર્યો હતો. આ તકે કલાકારોએ ઢાલ-તલવાર સાથે પ્રાચીન 'મણિયારો રાસ' રજૂ કરી શૌર્ય રસની અનુભૂતિ કરાવી હતી. 'શિવ આરાધના' અને 'સપ્ત સિંધુ' ની કલાકારોએ કથક સાથે રજૂઆત કરી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, પ્રભારીમંત્રી પ્રફુલ પાનશેરિયા,  સાંસદ વિનોદ ચાવડા, જિલ્લા કલેક્ટર અમિત અરોરા સહિતના અધિકારી-પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

------------------------------------------------------------------------------------------

## મહત્તમ તાપમાનમાં ઘટાડો થવાની હવામાન વિભાગની આગાહી

રાજ્યમાં આગામી ત્રણ દિવસમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે. ત્યારબાદ તાપમાન યથાવત્ રહેવાની આગાહી છે. હાલ પશ્ચિમ રાજસ્થાન પર ચક્રવાત પરિભ્રમણ સક્રિય હોવાથી ગરમીમાંથી આંશિક રાહત મળશે તેમ હવામાન વિભાગના નિદેશક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

------------------------------------------------------------------------------------------